રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃધ્ધિ એ જ જીવન

# વાત એક સૌથી મોટા બક્ષીની..!

**લલિત બક્ષી** / સાહિત્યકાર

**ગુજરાતી** સાહિત્યજગતમાં ભાગ્યે જ કોઈ બક્ષીબંધુઓથી અજાણ હશે. ચંદ્રકાંત બક્ષી અને બકુલ બક્ષીના નામથી બધા પરિચિત છે, પરંતુ બક્ષીબંધુ એટલે માત્ર બે ભાઈ નહીં–હકીકતમાં ત્રણ ભાઈ, જેમાંથી સૌથી મોટા લલિત બક્ષીનું નામ પ્રમાણમાં થોડું અ-પરિચિત, પરંતુ એ 'છૂપા રુસ્તમ' છે. એમની કલમ પણ અન્ય બે બક્ષીભાઈ જેટલી જ જલદ ને જાનદાર છે. બક્ષીબંધુમાં લલિતકુમાર સૌથી મોટા. હાલ એ ૮૯ વર્ષના છે.

આ ત્રણે ભાઈનો ઉછેર કલકત્તામાં. ત્રણે બંધુ ભણવામાં હોશિયાર. બાળપણથી ભાષા પર ગજબનું પ્રભુત્વ. કલકત્તા આવ્યા એ સમયે લલિતકુમારની ૧૭ વર્ષની ઉંમર. એ ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું. બક્ષીપરિવારની તમામ જવાબદારી મોટા પુત્ર લલિતના શિરે આવી પડી. પરિવારમાં વિધવા માતા અને બે નાના ભાઈ. એ સાથે પિતાના વ્યવસાયને ન્યાય આપવાનો. એ જવાબદારીએ લલિતકુમારને રાતોરાત ખરા અર્થમાં મોટા બનાવી દીધા. એને કારણે લલિતકુમાર આગળ અભ્યાસ કરી ન શક્યા. જો કે મોટી ડિગ્રી-સર્ટિફિકેટની એમને જરૂર પણ નહોતી. કિશોરવયથી લલિતકુમાર ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષા પર સારી પકડ ધરાવતા.

લલિતકુમાર કહે છે કે સ્કૂલમાં અભ્યાસ દરમિયાન વાંચનનો ભારે શોખ. ગુજરાતી સાહિત્ય સાથે અંગ્રેજી નોવેલ વાંચું. અંગ્રેજીના નવા પ્રસિદ્ધ થયેલા પુસ્તક માટે સ્કૂલના શિક્ષકો મને પૂછે. વાંચવાના શોખને કારણે ક્યારેક લખવાનું મન થતું. એ સમયે સાહિત્યિક મિત્ર રમણિક મેઘાણી ગુજરાતીમાં લખવાનો આગ્રહ કરે. નાની વયે અંગ્રેજીમાં લેખ અને વાર્તા લખવા માંડી. એ લેખ-વાર્તા પ્રસિદ્ધ અખબારો 'ધ સ્ટેટ્સમેન', 'ટાઈમ્સ', 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં પ્રગટ થવા લાગ્યાં.

૧૯૭૨ની ઘટના છે. એ સમયે 'સંદેશ' સંચાલિત વાર્તામાસિક 'આરામ'ની નવલિકા સ્પર્ધા યોજાયેલી. એ સ્પર્ધામાં 'દુર્ગા અને સ્વપ્ન' નામની એમની ટૂંકી વાર્તાને સૌના આશ્ચર્ય વચ્ચે પ્રથમ પારિતોષિક મળ્યું. એ પછી પ્રતિષ્ઠિત 'કુમાર' ને 'સમર્પણ'માં એમની વાર્તા પ્રસિદ્ધ થવા માંડી. વાચક અને વિવેચકોએ એમને વધાવી લીધા...

આમ શરૂ થઈ લલિત બક્ષીની ગુજરાતી લેખનયાત્રા. દરમિયાન કલકત્તાના બહુ પ્રતિષ્ઠિત સાહિત્યિક સામયિક 'કેસૂડાં'નું સંપાદન કર્યું. એ કાર્ય સાથે પારસી યુગલના સાપ્તાહિક 'નવરોઝ'માં પણ એ નિયમિત લખતા થયા.

લલિતકુમાર ઉમેરે છે કે એ સમયે વાચકોને ટૂંકી વાર્તાને બદલે ધારાવાહિક નવલકથામાં વધુ રસ. ૧૯૬૫નું વર્ષ. પાકિસ્તાન સામે યુદ્ધ ખેલાયેલું. ત્યારે યુદ્ધકથા લખી 'જંગ'. 'જંગ'ની રજૂઆત પર વાચકો ઓવારી જતા. 'જંગ'ને વાચકો અને વિવેચકોએ વધાવી લીધી. એટલું જ નહીં, ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રથમ યુદ્ધકથા 'જંગ'ને 'અમેરિકન કોંગ્રેસ લાઈબ્રેરી'માં સ્થાન પણ મળ્યું.

એ પછી એમણે બંગાળના બહુ ગવાઈ ગયેલા નક્સલવાદીઓનાં જીવન પર આધારિત 'આતંકનો એક ચહેરો' ધારાવાહી શરૂ કરી. એ નવલકથાને ગુજરાત સરકારે પુસ્તક રૂપે પુરસ્કૃત કરી. એ પછી 'એક અહલ્યા ઓર' પ્રસિદ્ધ થઈ. આમ એક પછી એક નવલકથા પ્રગટ થતી રહી. વાર્તા, નવલકથા, કૉલમ, લેખો સાથે નાટક પણ લખ્યાં છે.

૧૯૭૮માં લલિતકુમારે કલકત્તાને અલવિદા કહ્યું ને એ વડોદરામાં સ્થાયી થયા. વડોદરામાં રેડિયો પર બાર વર્ષ નાટક રજૂ કર્યાં. વડોદરાના સાંસ્કૃતિક સર્કલમાં 'લલિતકુમાર કલકત્તી' તરીકે ઓળખાય છે.

લલિતભાઈના બે નાના બંધુ-ચંદ્રકાંત અને બકુલ બક્ષી હવે દેહ રૂપે નથી, પરંતુ ૮૯ વર્ષી મોટા બંધુ લલિતભાઈને આજે પણ જુવો-વાંચો-સાંભળો તો તમને બન્ને દિવંગત બક્ષીબંધુઓના ખરા કલકત્તી મિજાજના 'બક્ષીપણા'ની ઝલક આ 'મોટા બક્ષી'માં અચૂક જોવા મળે!

